અનુ. જાતિના લોકોને શહેરી વિસ્તારમાં વ્યવસાયનું સ્થળ/દુકાન ખરીદવા માટે નાણાકીય સહાય આપવા બાબત.

૧૩/૨૧

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક-પરચ/૧૧૮૯/૩૧૯૪(૯૦)જ,
સચિવાલય, ગાંધીનગર,
તારીખ:-૩૦/૩/૧૯૯૧

વંચાણે લીધાં :-

(૧) નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતું, ગાંધીનગરનો પત્રક્રમાંક-સક/યોજના/૮૯/નબા/૯૫૨ તા. ૨૪/૧૧/૮૯.

ઠ રા વ :-

અનુ. જાતિના લોકોને નાના ધંધા કે વ્યવસાય શરુ કરવા સમાજ કલ્યાણ ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે. પરંતુ ધંધાના યોગ્ય સ્થળના અભાવે તેઓ ધંધાનો વિકાસ કરી શકતા નથી. અનુ. જાતિના લોકોને ધંધાના વિકાસ માટે શહેરી વિસ્તારમાં વ્યવસાયનું સ્થળ/દુકાન ખરીદવા માટે સહાય આપવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે અનુ. જાતિના લોકોને શહેરી વિસ્તારમાં ધંધાનું સ્થળ/દુકાન ખરીદવા માટે અધિકતમ રુપિયા ૫૦,૦૦૦/- ની લોન/સહાય આપવાની બાબતને આથી મંજુરી આપવામાં આવે છે. આ લોન-સહાયમાંથી અધિકતમ રુપિયા ૧૦,૦૦૦/-ની મર્યાદામાં ખરેખર ખર્ચના ૨૦% સબસીડી અને અધિકતમ રુપિયા ૪૦,૦૦૦/- ની મર્યાદામાં ખરેખર ખર્ચના ૮૦% લોન આપવામાં આવશે.

૨/- અનુ. જાતિના લોકોને અધિકતમ રુપિયા ૫૦,૦૦૦/-ની મર્યાદામાં લોન સહાય આપવા ચાલુ નાણાકીય વર્ષ ૧૯૯૦-૯૧ના અંદાજપત્રમાં કરવામાં આવેલી રુપિયા ૨.૫૦ લાખ(રૂ. ૫૦,૦૦૦/- સબસીડી-૨,૦૦લાખ લોન) ની જોગવાઇને આધીન ખર્ચ કરવાની આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

૩/- ઉપરોક્ત લોન-સહાય નીચે દર્શાવેલી શરતોને આધીન આપવામાં આવશે.

૧. અરજદારને દુકાન પ્રાપ્ત થયેથી પ્રથમ અધિકતમ રુપિયા ૪૦,૦૦૦/- ની મર્યાદામાં લોન આપવામાં આવશે.

૨. દુકાન શરુ થયા બાદના ત્રણ માસ પછી સબસીડી આપવામાં આવશે.

૩. લોનનું વ્યાજ ૪% રાખવામાં આવે છે.

૪. આ યોજનાનો લાભ શિક્ષિત બેરોજગાર, બેકાર મીલ કામદાર, તાંત્રિક અને વ્યવસાયિક અનુભવ અને સ્વરોજગારની લાયકાત ધરાવતા લોકોને પ્રથમ અગ્રતા આપવામાં આવશે.

...૨..

૫. જેમની વાર્ષિક આવક રૂપિયા ૨૪,૦૦૦/- સુધી હો તેમને જ આ યોજનાનો લાભ આપવામાં આવશે પણ રૂ.બારહજાર સુધી વાર્ષિક આવક ધરાવતા લોકોને પ્રથમ અગ્રતા આપવાની રહેશે.

૬. લોન/સહાય મેળવવા ઇચ્છતા અરજદારે દસ-દસ હજારની સ્થાવર મીલ્કત ધરાવતી બે જામીનગીરી આપવાની રહેશે.

૭. આ યોજનાનો અમલ શહેરી વિસ્તારમાં જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી વર્ગ-૧, મારફત કરવાનો રહેશે.

૮. ધંધા/દુકાન સ્થળની ઓછામાં ઓછી કિંમત મળવાપાત્ર થતાં કુલ લોન/સહાયની રકમ જેટલી હોવી જોઈએ જે અંગેની યોગ્ય ખાત્રી સક્ષમ અધિકારીશ્રીએ કરવાની રહેશે.

૯. રાજ્ય સરકાર અથવા રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ/નિગમો અથવા શહેરી વિકાસ સત્તા દ્વારા તૈયાર કરવામાં આવેલી દુકાનો ફાળવવામાં આવે તે દુકાનો ખરીદવા માટે જ લોન-સહાય આપવામાં આવશે.

૪/. આ યોજનાને સબસીડી ખર્ચ(૧) માંગણી નં.-૮૯,મુખ્ય સદર- ૨૨૨૫-અનુસૂચિત જાતિઓ,આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ ગૌણસદર-૧૦૨ આર્થિક સહાય-પેટા સદર બીસીકે-૩૯ બી અનુસૂચિતજાતિઓ માટે ખાસ અંગભૂત યોજના શહેરી વિસ્તારોમાં નાના ઉદ્યોગ સાહસિકોને નાણાંકીય સહાય અને લોન અંગેનો ખર્ચ (૨) માંગણીનં.-૮૯ મુખ્ય સદર-૬૨૨૫ અનુસૂચિતજાતિઓ અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ માટે લોન પેટા મુખ્ય સદર-૦૧ અનુસૂચિતજાતિઓનું કલ્યાણ ગૌણસદર-૧૦૨ આર્થિક વિકાસ-પેટા સદર (૧) બીસીકે-૩૯બી અનુસૂચિત જાતિ માટે ખાસ અંગભૂત યોજના-શહેરી વિસ્તારોના નાના ઉદ્યોગ સાહસિકોને નાણાંકીય સહાય" હેઠળ થયેલ જોગવાઈમાંથી ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખાં ક્રમાંકની ફાઈલ પર નાણાં સલાહકારશ્રીની તા.૧૪/૧૧/૯૦ની નોંધથી મળેલી સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( સુમાબા જે. પટેલ)
ઉપસચિવ,
સમાજ કલ્યાણ વિભાગ,

પ્રતિ,

મંત્રીશ્રી (સમાજ કલ્યાણ)ના અંગત સચિવશ્રી,

નિયામકશ્રી,સમાજ કલ્યાણ ખાતું,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી,

સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત)

સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા)

એકાઉન્ટન્ટ જનરલ,અમદાવાદ/રાજકોટ

પગાર અને હિસાબી અધિકારી. અમદાવાદ/ગાંધીનગર

રેસીડેન્ટ ઑડીટ ઑફીસર,

આદિજાતિ વિકાસ વિભાગ.સચિવાલય,ગાંધીનગર,

નાણાં સલાહકારશ્રી,સમાજ કલ્યાણ વિભાગ.

વિભાગની અ,બ,ક,ખ.પ શાખા.

//ડામિર.૨૪૯૪//